ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૩૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૬ ટકા

ગાંધીનગર તાપમાન

શહેર-જિલ્લાના પાટીદાર આગેવાનો 'આપ'માં જોડાયા

ભાજપ-કોંગ્રેસના અસંતુષ્ટ આગેવાનોને આકર્ષવામાં આપ સફળ

ગાંધીનગર, તા. ૧૮

'સુરત બાદ હવે ગાંધીનગરમાં પણ પરિવર્તનની લહેર દેખાય છે' તેવો હુંકાર કરતા આજે આપના પ્રદેશ નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે 'અમે ગેરંટી આપીએ છીયે કે ચુંટણી જીત્યાં બાદ નાગરિકોએ અમારા કોર્પોરેટર્સ પાસે જવું નહીં પડે પરંતુ અમારા કોર્પોરેટર્સ નાગરિકો પાસે સામે ચાલીને જશે'. ગાંધીનગર ખાતે આજે આમ આદમી પાર્ટીના જિલ્લા એકમ દ્વારા માણસા તાલુકાના કોંગ્રેસના પૂર્વ તાલુકા સદસ્ય અને પૂર્વ સંગઠન મંત્રી સહિત આશરે ૧૫ જેટલાં આગેવાનોને પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી અને મહેશ સવાણીની હાજરીમાં પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યાં હતા. આ ઉપરાંત ગાંધીનગરના કુડાસણ ખાતેના ભાજપના પૂર્વ યુવા પ્રમુખ સહિત વોર્ડ નં.૯ના કેટલાંક અગ્રણીઓ પણ આપમાં જોડાયાં હતા.

ગત વર્ષે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ તેમજ સુરત મહાનગરપાલિકામાં યશસ્વી દેખાવ કરીને ધ્યાન ખેંચવામાં સફળતા મેળવ્યાં બાદ હવે આમ આદમી પાર્ટી ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસની ચિંતા વધારી રહી છે. છેલ્લાં કેટલાંક સમયમાં આપના સંગઠન વધારવા પર આપવામાં આવેલા ધ્યાનને પગલે છેલ્લાં કેટલાંક સમયમાં ભાજપ અને કોંગ્રેસના અસંતુષ્ટ નેતાઓ અને કાર્યકરોને આપમાં સામેલ કરવામાં પાર્ટી સફળ રહી છે. આજે સરગાસણ ચાર રસ્તા પાસે આમ આદમી પાર્ટીના કાર્યાલય ખાતે માણસાના માજી કોંગ્રેસ તાલુકા સદસ્ય હેમંતભાઈ પટેલ, ગેજીયા પાસ પ્રેસિડેન્ટ અને વોર્ડ નં.૧ના માજી પ્રમુખ અમૃતભાઈ પટેલ, માજી માણસા કોંગ્રેસ સંગઠન મંત્રી કુડાસણના ભાસ્કરભાઈ પટેલ, કુડાસણના માજી યુવા પ્રમુખ ભાજપ દિનેશભાઈ પટેલ, સનફલાવર હાઈટ સોસાયટીના ચેરમેન દુષ્યંતભાઈ પટેલ, ચરાડા-૨ સીટના તાલુકા કોંગ્રેસના ઉમેદવાર વિમલકુમાર પટેલ અને સાથે એમની પુરી ટીમ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતાં. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, જીલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ, પેથાપુર નગરપલિકાના પૂર્વ પ્રમુખ રણજિતસિંહ વાઘેલા સહિત અન્ય સ્થાનિક હોદ્દેદારો પણ ઉપસ્થિત હતા.

વોર્ડ નં. ૫માં કોંગ્રેસ ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી અંતર્ગત કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર પૂર જોશમાં ચાલી રહ્યો છે. વોર્ડ નં.૫માં ઘરે ઘરે જ કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. જેમાં વોર્ડ નં.૫ના ઉમેદવારો ગોહિલ બ્રિજરાજસિંહ, પટેલ અરવિંદભાઈ, પરષોત્તમભાઈ, પુરોહિત વૃંદાકુમારી, અખિલેશભાઈ, પરમાર હેમલત્તાબેન કૈલાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

આચાર્ય પૂ.પદ્મસાગરસૂરીશ્વર મહારાજનો ૮૭મો જન્મોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સે.૨૨માં જૈન મંદિર ખાતે રાષ્ટ્ર સંત આચાર્ય પૂ.પદ્મસાગર સૂરીશ્વર મહારાજ સાહેબનો ૮૭મો જન્મોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સમાજસેવક પદ્મભૂષણ ડી.આર.મહેતા મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહ્યાં હતાં. ગુરુભક્તિના આ પાવન પ્રસંગે શહેરના જિનાલયોમાં ભગવાનની સુંદર આંગી રચના કરવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, જીવદયા, અનુકંપા અને અભયદાનની વિવિધ પ્રવૃત્તિઓ, સાધર્મિક પરિવારોની વિશિષ્ટ ભક્તિ જેવાં સમાજોપયોગી કાર્યક્રમો ઉપરાંત 'કૈલાશ શ્રુત સાગર' ગ્રંથશ્રેણી ૩૧-૩૨ અને 'રાસ પદ્માકર-૫' નું વિમોચન કરવામાં આવ્યું હતું.

સરસ્વતી વિદ્યાલયમાં વિશ્વ ઓઝોન દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

સરસ્વતી વિદ્યાલય સેકટર-૬માં વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના શિક્ષક તેજસભાઈએ ઓઝોન દિવસની માહિતી આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જન્મતિથી નિમિત્તે હનુમાનજી મંદિર, ગ્રીન સીટી, સેકટર-૨૬ ખાતે તેમના દીર્ઘાયુષ્ય માટે રામધુન અને પ્રાર્થના કરવામાં આવી હતી. જેમાં ગ્રીનસીટીના રહીશોએ લાભ લીધો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. વાઘેલા શંભુજી કાનાજી,** ઉ.વ. ૪૪, ગાંધીનગર
- **સ્વ. દિપુજી સમજી સોલંજી,** ઉ.વ. ૮૩, માણસા, ગામ લીંબોદ્રા

રાજપૂત સમાજનું ગૌરવ કાવ્યાબા ચાવડા

ગાંધીનગર, તા.૧૮

કેન્દ્રીય વિદ્યાલય, સેકટર-૩૦, ધો-૧માં અભ્યાસ કરતા કાવ્યાબા પ્રભાતસિંહ ચાવડાએ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડીયા બુકઓફ રેકોર્ડમાં પગની આંગળીઓ પર ૨૦૦ મીટરનું અંતર ફકત ૪ મીનીટ અને ૨૩ સેકંડ સુધી ચાલીને માત્ર ૫ વર્ષની ઉંમરે વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું સ્થાન મેળવેલ છે. આટલી મોટી સિધ્ધિ હાંસલ કરવા બદલ રાજપૂત સમાજ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

પંચશીલ પાર્ક અને વાસ્તુનિર્માણ સોસાયટી સેકટર-૨૧ના નવા સુકાની

ગાંધીનગર, તા.૧૮

પંચશીલ અને વાસ્તુનિર્માણ સોસાયટી સેકટર-૨૧ના નિવાસીઓની સામાન્ય સભા યોજાઈ હતી. આ સામાન્ય સભા શૈલેષભાઈ પંડયાના અધ્યક્ષસ્થાને મહારાષ્ટ્ર ભવનના હોલમાં યોજાઈ હતી. જેમાં નવા વર્ષના પ્રમુખ તરીકે ડુંગરશીભાઈ સોલંકી અને મહામંત્રી તરીકે સુનિલભાઈ વ્યાસની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી તથા પૂર્વ પ્રમુખ મહેશસિંહ રાઓલે આગલા વર્ષના હિસાબો રજૂ કર્યા હતા. પૂર્વ પ્રમુખ બી.ડી. વાઘેલાએ સભામાં ઉદબોધન કર્યું હતું. સરકારની ગાઈડલાઈન મુજબ ચાલુ વર્ષે નવરાત્રીનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. પૂર્વ મહામંત્રી દિપકભાઈ પ્રજાપતિએ આભારવિધિ કરી આ કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

મધુર ડેરી દ્વારા પ્રધાનમંત્રી મોદીના જન્મદિને વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મદિને સંઘ આયોજિત વિવિધ દૂધ મંડળીઓ ઉપર જુદી જુદી વેરાયટીના રોપાઓનું વિતરણ કરીને વૃક્ષારોપણનો ભવ્ય કાર્યક્રમ રાખ્યો હતો. મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ આ કાર્યક્રમમાં હાજર રહીને વાવેલા વૃક્ષોનું જતન કરવા અને વૃક્ષારોપણનું વિગતવાર મહત્વ સમજાવ્યું હતું. જેમાં આ વર્ષે એક લાખ વૃક્ષો વાવીને લક્ષ્યાંક પૂર્ણ કરીને પર્યાવરણ સુધારવા જણાવ્યું હતું. ચેખલારણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તથા તે ગામની પ્રા. શાળાના પ્રાંગણમાં તેમજ તારાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. અને પ્રાથમિક શાળાના સહયોગથી ગ્રામજનો, સ્કુલના સ્ટાફ, બાળકો, બંને મંડળીના ચેરમેન, મંત્રી તથા કારોબારી સભ્યની હાજરીમાં ભવ્ય વૃક્ષારોપણ કરાયું હતું. દશેલા, ટીંટોડા અને જિલ્લાની દૂધ મંડળીઓ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

હીરામણિ સ્કૂલ અને સાંધ્યજીવન કુટીર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ

ગાંધીનગર, તા.૧૮

જન સહાયક ટ્રસ્ટ સંચાલિત હીરામણિ સાંધ્યજીવન કુટીર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ તેમજ વૃક્ષારોપણનું આયોજન કરાયું હતું. હીરામણિ કેમ્પસમાં ૭૧ વૃક્ષો રોપીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ હીરામણી સ્કૂલના આચાર્યો, શિક્ષકો, કર્મચારીઓ, વહીવટી સ્ટાફ તેમજ અમદાવાદની જુદી જુદી કોલેજોના વિદ્યાર્થીઓ, ભાજપના આગેવાનો, કાર્યકરોએ બ્લડ ડોનેશન કર્યું હતું. જનસહાયક ટ્રસ્ટના પ્રમુખ અને સંસદસભ્ય નરહરિ અમીન, ટ્રસ્ટના ઉપપ્રમુખ નીતાબેન અમીન, મેનેજીંગ ટ્રસ્ટી વરૂણ અમીન, ટ્રસ્ટી વિજુલબેન અમીન, મંત્રી આર.સી. પટેલ, ઘનશ્યામભાઈ અમીન, સી.ઈ.ઓ. ભગવતભાઈ અમીન, સલાહકાર એ.સી. ગોપાણી, પ્રિન્સિપાલ નીતાબેન શર્મા, ગુંજનભાઈ શાહ, મીનાક્ષીબેન, કોષાબેન, ગુંજનબેન, હિતેશભાઈ, ડૉ. વિદ્યુત દેસાઈ, એન.ડી. શાહ, હાર્દિકસિંહ ડોડિયા, સતિષ પટેલ, સુરેશ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લૉ ઉવારસદ ખાતે બીજા અને ત્રીજા વર્ષના એલએલબીના ૯૨ વિદ્યાર્થીઓની હાજરીમાં કાનૂની શિબિર યોજાઈ હતી. જેમાં લીગલ સર્વિસીઝ ઓથોરીટી એકટ ૧૯૮૩ અંતર્ગત એકટની જોગવાઈઓ પ્રમાણે નિઃશુલ્ક અને સક્ષમ કાનૂની સહાય મળવાપાત્ર હોય તે બાબતો અંગે માહિતી કોર્ટના લીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. અન્ય પેરાલીગલ વોલન્ટીયરો રીતુ પટેલ અને પલક મહેતા આ શિબિરમાં સહયોગી બન્યા હતા. ઉપરાંત લૉ સ્કૂલના સંજયકુમાર પાંડે, નિતેશ નાણાવટી, માર્કન્ડ ત્રિવેદીની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું સંચાલન પી.એલ.વી. રીતુ પટેલે કર્યું હતું.

સે-૬ કોમ્પ્લેક્ષ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતે આવેલ ખાનગી ઈન્સ્ટીટયુટમાં આઈલેટસનો અભ્યાસ કરતો યુવક ઈશ્વર ચૌધરી રાયસણ જે.એમ.ડી. બોયઝ હોસ્ટેલ ખાતે રહે છે. હોસ્ટેલથી સેકટર-૬ ખાતે અભ્યાસ અર્થે આવન-જાવન માટે તે બાઈક નં. જીજે૦૧-સી.આર. ૨૩૬૬નો ઉપયોગ કરતો હતો. ઈશ્વર ચૌધરીએ બાઈક કોમ્પ્લેક્ષના પાર્કિંગ પાસે મુકયું હતું. જયારે કલાસ પૂર્ણ કરી પરત આવ્યો ત્યારે પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. યુવકે મિત્રો સાથે મળીને આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ બાઈક નહી મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે યુવકે રૂ. ૨૦ હજારના બાઈક ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ અંતર્ગત એનએસએસ યુનિટ દ્વારા 'ઓર્ગન ડોનેશન' અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો. તેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી તેઓ ઓર્ગન ડોનેશન કરશે અને સાથે બીજા લોકોને પણ આ પ્રવૃત્તિ માટે પ્રોત્સાહિત કરશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ઝવેરચંદ મેઘાણી રચિત કાવ્યોની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત કાવ્યોના પઠનની સ્પર્ધા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગર ખાતે શુક્રવારે યોજાઈ ગઈ. જેમાં યુનિવર્સિટીના કુલ ૨૮ વિદ્યાર્થીઓએ મેઘાણીની કૃતિઓ રજૂ કરી હતી. આ સ્પર્ધામાં એકથી ત્રીજા સ્થાને આવેલા વિદ્યાર્થીઓનું ઈનામ આપી સન્માન કરાયું. આ વિદ્યાર્થીઓ હવે કે.સી.જી. ખાતે યોજાનારી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના હસ્તે દીપ પ્રાગટ્ય થયું. આ અવસરે તેમણે ગુજરાતી સાહિત્ય જગતમાં ઝવેરચંદ મેઘાણીએ કરેલા ખેડાણ અંગે પ્રવચન આપ્યું હતું. યુનિવર્સિટીના અધ્યાપકો-વિદ્યાર્થીઓ મળીને ૧૦૦થી વધુ વ્યક્તિઓએ આ કાર્યક્રમને માણ્યો હતો. આ સ્પર્ધામાં વિવિધ વિભાગના વિદ્યાર્થીઓએ મેઘાણીની કૃતિઓની જોમવંતી રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં સંસ્કૃત વિભાગનો વિદ્યાર્થી અજીત ભાલૈયા પ્રથમ ક્રમે, મનોવિજ્ઞાનની વિદ્યાર્થિની સેજલ પ્રજાપતિ દ્વિતીય તથા હોમ સાયન્સની વિદ્યાર્થિની પૂનમ આર. પટેલ તૃતીય ક્રમે આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં નોડલ ઓફિસર તરીકે ડૉ. પ્રશાંત પટેલ ભૂમિકા ભજવી. જ્યારે ડૉ. સંજય પટેલ અને ડૉ. ભૈરવી દીક્ષિત નિર્ણાયક તરીકે રહ્યાં હતાં.

જન્મદિને વધામણી

ઉદય વૈષ્ણવ
જનસંપર્ક અધિકારી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય અને કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ

પ્રદિપભાઈ શાહ
રેડક્રોસ

શકુંતલાબેન મહેન્દ્રલાલ શાહ
ફોન : ૨૩૨૨૯૪૪૭

જાગૃતિ શ્રીકાંત ડોડિયા
મો. ૯૭૧૪૬ ૨૬૪૭૬

વિરાજ શાહ
મો. ૮૧૫૫૯ ૧૦૫૫૯

નવ્યા આશિષકુમાર જોષી
મો. ૯૭૨૨૫ ૧૬૦૨૧

હાર્દિક રાઠોડ

પાર્થ રસિકભાઈ પટેલ
મો. ૯૭૨૩૦ ૧૩૫૦૧

હેત્વી રાજેન્દ્રભાઈ પટેલ